# ગણપતિની આમન્યતા પણ જાળવીએ

તંત્રીસ્થાનેથી...

દૂંદાળા અને સૂંઢાળા દેવનો દસ દિવસીય મહોત્સવ રંગેચંગે દેશભરમાં શરૂ થઈ ગયો છે. કયારેક બહુ જ સમજણપૂર્વક વિદેશી સત્તાની આંખોમાં ધૂળ નાખી સ્વાતંત્ર્ય ચળવળના જ ભાગ રૂપે શરૂ થયેલ 'ધાર્મિક' કાર્યક્રમ સમય જતાં નવરાત્રી અને દુર્ગાપૂજા જેવો પ્રલંબ મહોત્સવ બની રહ્યો તે એની પાછળ રહેલા મૂળ સંકલ્પની જ પરાકાષ્ઠા છે. ગણેશ આરંભના દેવ છે - એમના અને સમગ્ર સૃષ્ટિના આદ્ય પિતાએ એમને વરદાન આપ્યું છે કે કોઈ પણ કાર્યનો શુભારંભ તારા પૂજનથી થશે તો એ રિદ્ધિ-સિદ્ધિ યુક્ત બની રહેશે. મહારાષ્ટ્રમાં ગણેશ પૂજા તો થતી, પણ એને સાર્વજનિક સ્વરુપ લોકમાન્ય બાલગંગાધર ટિળકે આપ્યું. કોંગ્રેસના એ ઝુઝારુ નેતા 'મરાઠા' અને 'કેસરી' જેવાં બે સામયિકો મારફત જનજાગૃતિની અહાલેક જગાવી રહ્યા હતા. એમણે પ્રજાને જે મંત્ર આપ્યો હતો તે તત્કાલીન અંગ્રેજ હાકેમોને આંખના કસ્તરની જેમ ખૂંચતો હતો. 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું તે મેળવીને જંપીશ.' કમનસીબે ટિળક આઝાદીનું પરોઢ જોવા ન જીવ્યા પણ એનો પાયો તો એમણે જ રોપ્યો હતો. ગણપતિ મહોત્સવના ભદ્ર સ્વરુપ સાથે એનાં વરવાં રૂપ પણ નજરે ચડવા લાગ્યાં છે. દારૂ પીને છાટકા થયેલા છેલબટાઉ યુવાનો સુરતની શેરીઓમાં ગણપતિના વરઘોડામાં ફિલ્મી ધૂનો પર અશ્લીલ ડાન્સ કરે એથી વધુ અપમાનજનક બાબત બીજી કઈ હોઈ શકે? હિંદુ ધર્મમાં અનુસ્યૂત ઉદારતાનો ગેરલાભ લેનારાં તત્ત્વો સામે નથી તો ધાર્મિક અગ્રણીઓનું વજન પડતું કે નથી એમને કોર્ટકચેરીનો ભય રહેતો. ઈસ્લામમાં ધર્મની તોહીન બહુ જ ગંભીર ગુનો ગણાય છે. આપણો તો ગણપતિ અને હનુમાન જેવા આપણા આરાધ્ય દેવતાઓની જાહેરમાં ફજેતી કરતા રહીએ છીએ. એમનાં કાર્ટૂનો બનાવીએ છીએ, એમને આપણી કુત્સિત કલ્પનાઓ મુજબના ડ્રેસ પહેરાવી દઈએ છીએ. કયારેક એમના હાથમાં ક્રિકેટનું બેટ પકડાવી દઈએ છીએ તો કયારેક બંદૂક !

ધર્મમાં ઉદારમતવાદ એ આવકારવાલાયક બાબત છે, પરંતુ એનો અર્થ એવો તો નહીં જ કે આપણે ધર્મનાં પ્રતિકોને મજાકનું માધ્યમ બનાવી દઈએ. હિંદુ ધર્મ અનેક ફિકરાઓમાં વહેંચાયેલો છે અને પોતપોતાની આસ્થા મુજબ જેને જે અનુકૂળ લાગે તે દેવ-દેવીને ભજે છે. આથી એક સમન્વિત શક્તિ તરીકે હિંદુ સમાજ દુનિયામાં પ્રતિષ્ઠા પામી શક્યો નથી. ગણપતિ મહોત્સવ નિમિત્તે પ્રચંડ બુદ્ધિમતાના આદ્યદેવત પાસે આપણે એટલું જરૂર માગીએ કે આપણને આપણી મહત્તા અને મર્યાદાઓ સમજવામાં મદદરુપ બને.

# જલોદર (પેટમાં પાણી ભરાવું)




રોગનાં લૌકીક રીતે પ્રકારો પડીએ તો સીધી રીતે તેના બે પ્રકાર પડી શકે. એક તો સામાન્ય રોગો એટલે કે એવા રોગો કે જે જનરલ હોય, ઘણાને થાય,અનેક વખત થાય. આવા રોગો પર લોકો વિશેષ ધ્યાન ન સેવે, સામાન્યતઃ કાળક્રમે કે પછી સાદા ઉપચારો થી આવા રોગો મટી પણ જાય જેમકે શરદી,ઉધરસ,અવાજ બેસી જવો, પગ માં વાઢીયા પાડવા, આદિ... જયારે બીજા પ્રકારનાં રોગોને વિશેષ રોગો તરીકે ઓળખી શકાય. આ રોગો દારુણ છે. સામાન્યતઃ બહુમતી લોકો માં જોવા મળતા નથી. પણ જેને આવા રોગો થાય છે તે વ્યક્તિ ઘણો હેરાન થાય છે. આ રોગો માટે સ્પેશ્યલ સારવાર કરાવવી પડે. વળી આવા રોગો સંપૂર્ણ મટે પણ ખરા અને ના પણ મટે. જેમકે... ડાયાબીટીસ, કેન્સર, વા, આદિ... આ વિશેષ પ્રકારનાં રોગોમાં એક રોગ છે જલોદર. આ રોગ આમ તો વિપુલ માત્રામાં જોવા મળતો નથી પરંતુ આ રોગ થતા તેની પાછળ હેરાન થવું પડે છે.

જલોદર કે એસાઈટીસ તરીકે જાણીતા આ રોગનું આયુર્વેદ પ્રમાણે મૂળ કારણ અગ્નિમાંદ્ય, અજીર્ણ, વિરુદ્ધાહાર નું સેવન તેમ ચિરકાલીન દોષસંચય અને મળસંચય છે. આધુનિક દ્રષ્ટીએ કીડની કે લીવરની ખામીને કારણે આ રોગ થાય છે જેમકે ટીબી, યકૃતનાં ઘાતક રોગો, કિડનીની અસમર્થતા આદિને કારણે જલોદાર થઈ શકે.

જલોદરનાં લક્ષણો માં અરુચિ, દુર્બળતા, પેટ માં દુઃખાવો, ખાંસી, પેટ માં અનેક પ્રકારની રેખાઓ (શિરાઓ) ઉપસવી, આદિ છે... પેટ જાણે પાણીની ભરેલી મશક હોય તેમ તેમાં ક્ષોભ, કંપન તથા અવાજ આવે છે. પેટ ખૂબ મોટું થઈ જાય તેમજ પાણી થી ભરાયેલ હોવાથી તણાતું હોય તેવું લાગે. નાભી સપાટ થઈ જાય અથવા બહારની બાજુએ ઉપસી આવે અને હાથ પગ પાતળા થઈ જાય. (લોકભાષા માં 'હાથ પગ દોરડી અને પેટ ગાગર થઈ જાય' એવી વાયકા છે.)

જલતરંગની પ્રતીતિ માટે દર્દીની જમણી બાજુએ ઉભા રહી અને જમણો હાથ સામેનાં પડખા પર રાખી, ડાબા હાથ વડે ટકોર મારવા થી જમણાં હાથ માં તરંગ અથવા મોજાની સમાન કંપનની પ્રતીતિ થાય છે. આ ઉપરાંત દર્દીને પડખું ફેરવવાથી તપાસ માં સંભળાતા ધ્વની માં ફેરફાર જોવા મળે છે.

ટીબીને કરણે જો જલોદર થાય તો તેમાં ઝાડા, પેટનો દુખાવો અને તાવ જોવા મળે છે. ઘઉંનાં લોટની કણકને સ્પર્શવાથી જે પ્રતીતિ થાય એવી પ્રતીત્તી પેટને સ્પર્શવાથી થાય. યકૃત-પ્લીહાના દોષોને કારણે જો જલોદર થયો હોય તો ઉબકા આવવા, ઉલ્ટી થવી, ભૂખ ન લાગવી, પુરુષ સ્તન વૃદ્ધી થવી, ગાલ પર કેશવાહિનીઓ દેખાવી, યકૃત કે પ્લીહાની વૃદ્ધિ થવી આદિ લક્ષણો જોવા મળે છે. કીડનીની અસમર્થતાને કારણે થયેલ જલોદર માં મૂત્રમાં અધિક પ્રમાણ માં પ્રોટીન હોય છે તથા આલ્બ્યુંમીન અલ્પ પ્રમાણ માં હોય છે, પગ માં સોજા ચડે તેમજ મુખ પર થોથર જામે.

ઘણી વખત જલોદરને મેદોરોગ (obesity) માં વધેલા પેટ સ્વરૂપે માની લેવામાં આવે છે. આ બંને નાં લક્ષણોમાં ફરક છે. અગાઉ વાત કરી એ મુજબ જલતરંગ પ્રતીતિ તેમજ પડખું ફરવાથી ધ્વનીનું નિદાન એ જલોદર માં જ જોવા મળે છે. આવું મેદોરોગ માં થતું નથી.

જલોદરની આયુર્વેદ પ્રમાણે ચિકિત્સાની વાત કરીએ તો જલદોષનાશક ચિકિત્સા કરવી. ગોમૂત્રમિશ્રિત તિક્ષ્ણ ક્ષારો તથા ઔષધો નો ઉપયોગ કરવો, જઠરાગ્નીને પ્રદીપ્ત કરનારો તેમજ કફનાશક આહાર લેવો, પાણી વગેરે દ્રવ પદાર્થોનું સેવન ઘટાડવું. આ રોગ માં દોષોનો સંચય થાય છે આથી વિરેચન ખુબ ફાયદાકારક છે. વિરેચન વડે દુષિત દોષોને દૂર કરી શકાય છે. આહાર માં ત્રિકટુ સાધિત દૂધ લેવું.

જો ટીબીને કારણે જલોદર હોય તો તેમાં લક્ષણ – સ્વરૂપે 'ઝાડા' વિદ્યમાન જ હોય છે આથી આમાં વિરેચન નાં કરાવવું પરંતુ સુવર્ણ પર્પટી, પ્રવાલપંચામૃત જેવા ઔષધો તેમજ ત્રીકટુ યુક્ત છાશ આપવી. આવી જ રીતે લીવર, કીડની, કે હૃદયની ખામીને કરણે થતા જલોદર માં જે તે અવયવ ને પોષણ આપતા અને દોષોને દૂર કરતા ઔષધો ઉપાયોજવા.

જલોદર માં જલવીસ્ત્રાવણ એ પ્રમુખ ચિકિત્સા છે. આધુનિક ચિકિત્સા વિજ્ઞાન પણ જલવીસ્ત્રાવણ ને અનુમોદન આપે છે. આયુર્વેદ માં જલવીસ્ત્રાવણ વખતે પેટ પર પાટો બાંધવાનું કહ્યું છે. જેમ – જેમ પાણી ઓછુ થતું જાય તેમ – તેમ પાટો વધુ કસીને બાંધવો. આથી ખાલી સ્થાને વાયુ ભરાય જઈને ઉદરને ફુલાવી ન દે,

આયુર્વેદ માં જલોદર માં આહાર માં ૬ મહિના સુધી કેવળ દુગ્ધાહાર ત્યારબાદ ૩ મહિના દુધી, દૂધ અને પેય (સેમી લીક્વીડ) અને ત્યારબાદ બાકીના ૩ મહિના સામો, કોદરી વગેરે હળવા આહાર લેવાનું સૂચન છે. લવણ લેવાની મનાઈ છે. જો કે અહી રોગીનું બળ જળવાઈ રહે એ જરૂરી છે આથી આ આહારમાં ફેરફાર કરી શકાય.

(મો.) ૯૮૭૯૪૭૧૧૪૭

# જ્ઞાન આપણને શક્તિ આપે છે અને પ્રેમ આપણને પરિપૂર્ણતા આપે છે




**લાજ સહુની છે હાથમાં એનાં,**
**શહેરમાં જેની લેશ લાજ નથી;**
**પીઠ કોઈ નહીં થાબડે, કે અહીં,**
**છે કબસનું, કલાનું રાજ નથી.**
**આપ માનો છો એટલો 'ઘાયલ'**
**આપણે ખેલદિલ સમાજ નથી.**

**- અમૃત ઘાયલ**

●●●

પાંચમી સપ્ટેમ્બર એટલે શિક્ષક દિન. જેમણે જગતને જ્ઞાન-કેળવણી અને શિક્ષણથી વધારે પવિત્ર બીજું કંઈ નથી એવો મંત્ર આપ્યો અને આ મંત્રને જીવન વ્રત બનાવ્યું એવા આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને સંસ્કાર પુરુષ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્નો જન્મદિવસ.

તત્તવચિંતક પ્લેટોએ લખેલું કે, આદર્શ રાજય એ કહેવાય જયાં રાજા દાર્શનિક હોય. ડૉ. રાધાકૃષ્ણન્ રાષ્ટ્રપતિ બન્યા એટલે આ વાત મહદંશે સાચી સાબિત થઈ!

મિત્રો, ૧૯૪૯માં રાધાકૃષ્ણન્ રશિયામાં ભારતના રાજદૂત બન્યા. એ સમયે સરમુખત્યાર સ્ટાલિન કોઈને મળવા માટે તૈયાર ન થતો... પણ રાધાકૃષ્ણન્ને બે વખત મળ્યો. આક્રમકતા અને આપખુદી જોર પર સત્તા હાંસલ કરનાર સ્ટાલિનને ઈશારો કરતાં કરતાં રાધાકૃષ્ણન્ને કહેલું કે, 'અમારે ત્યાં પણ એક રાજાએ એ ધરાર સત્તા હાંસલ કર્યા પછી તેને કલિંગમાં પશ્ચાતાપ કરવાનો વારો આવેલો.' આવા નિર્ભિક અને સ્પષ્ટ વક્તા વિદ્યાપુરુષે ઈ.સ. ૧૯૬૨માં ચીન અને ઈ.સ. ૧૯૬૫માં પાકિસ્તાન સાથેના યુદ્ધમાં પોતાની રાજકીય મુત્સદ્દીગીરીનો પરિચય દેશને કરાવ્યો.

ટટ્ટાર શરીર, માથે મદ્રાસી પાઘડી, નખશિખ ભારતીય વેશપરિધાન, હાથમાં ચબરખી પણ રાખ્યા વિના જેઓ સ્વસ્થ સંસ્કારી અંગ્રેજી બાષામાં મંત્રમુગ્ધ ભાષણ આપતા. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે આગળ વધતાં માનવ મનને સાચી વિચાર સંપત્તિ અને ભારતીય તત્ત્વજ્ઞાનની સમજણ આપનાર 'દર્શનનું લક્ષ્ય સર્જનાત્મકતા છે.' અર્થાત્ જીવનનું કર્તવ્ય છે એવું જીવનાર અને સમજાવનાર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને ૧૭મી એપ્રિલ ૧૯૭૬માં ચિર વિદાય લીધી.

આજે આપણે આ શુભદિને આ પ્રજ્ઞાપુરુષને સમર્પિત થઈએ !!

દોસ્તો, 'શિક્ષણ' શબ્દનો મૂળ અર્થ છે વિકસિત થવું. નીરક્ષીર વિવેક જાગવો. તન-મનથી સ્વસ્થ રહેવાની સભાનતા જગાડે - જાગૃત કરે. શિક્ષણથી સમજણ વધવી જોઈએ. અન્યને માન આપતાં અને પ્રેમભર્યો વ્યવહાર કરતાં થઈએ. શોષક નહીં પણ પોષક બનવા પ્રેરે એ શિક્ષણ. ભણેલો એને કહેવાય જે પોતે સ્વસ્થ અને આનંદદાયક જીવન જીવતો હોય. શિક્ષણ થકી માણસ પ્રામાણિક બને.

ભણતર અને ગણતર એક સિક્કાની બે બાજુ છે, એને જ સાચી કેળવણી કહેવાય... આજે ચોગરદમ શિક્ષણની હાટડીઓ ખુલી છે, ભણનારાનું તો કીડીયારું ઊભરાયું છે. સાક્ષરતાનો દર વધ્યો હોવાની ગુલબાંગ પોકારાય છે, છતાં પેલી સંસ્કૃત ઉક્તિ 'સાક્ષરાઃ વિપરિતા ભવતિ રાક્ષસા' આવું કેમ ?!!

આજે સમાજના સ્થાપિત હિતો એ શિક્ષણજગતમાં અડ્ડો જમાવ્યો છે. ડોનેશન, લાંચ, અરે, પરીક્ષા લેવા પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડે છે. આ શિક્ષણની નિષ્ફળતા નથી તો બીજું શું છે!

આજે પરિસ્થિતિ બદલાઈ છે. 'શિક્ષણ દીન' બન્યો છે. અવનવા અખતરા અને ગતકડાંનો શિકાર બન્યો છે. પરાધીન બન્યો છે. શિક્ષક એટલે સરકારી ગુમાસ્તો. આજે શિક્ષકની પ્રામાણિકતા કસોટીની એરણે ચઢી છે. કેવો સમય આવી ગયો છે, પ્રામાણિક વ્યક્તિની ઠેકડી ઉડાડાય છે, 'ભાઈ, તું કઈ સદીમાં જીવે છે?'

ખેર, પ્રવાહ વ્યાપક બને એમ પ્રદૂષિતતા પણ વધે... છતાં રણમાં મીઠી વીરડી સમા આધુનિક સારસ્વતો 'કર્મયોગી' પુરવાર થતા જોયા છે... આવા કર્મઠજનોને આજના શુભદિને વંદન કરું છું!!

દોસ્તો, રસ્તા પર ડોશીના જતા હતાં. ભેંસો આવતી હતી, તેમાં બે ભેંસો ભટકી એટલે ડોશીમાં મંદિરને ઓટલે ચડી ગયા. પૂજારીને ચરણામૃત આપ્યું તો ડોશીમા કહે, 'મારાથી આ ચવાતું નથી.' પૂજારીએ કહ્યું કે, 'આ તો ચરણામૃત છે તે લો તો ખરાં!' ત્યારે ડોશીમાએ કહ્યું કે, 'આ તો ભેંસો ભડકી એટલે હું તો મંદિરે ચડી આવી છું' - આવું કયાંક જોવા મળતું હશે કે નહોતું મળતું એટલે શિક્ષક બની ગયા... બાકી માનવીપણામાં દેવપણું ભળે, મનુષ્યમાં જયારે દિવ્યતાનો સંચાર થાય ત્યારે માનવી માનવ કરતાં આગળ વધીને શિક્ષક બની શકે.

સારસ્વત મિત્રો આપની નવી યાત્રા - શુભયાત્રા - સફળયાત્રા બની રહો... રોમાંચક બનો... શિક્ષણને ઉપકારક બનો એવી શુભભાવના !!

**સ્પર્શમણિ :**

**જ્ઞાન આપણને શક્તિ આપે છે અને પ્રેમ આપણને પરિપૂર્ણતા આપે છે.**

●●●

**શિક્ષણનું પરિણામ એક મુક્ત રચનાત્મક વ્યક્તિ હોવો જોઈએ. જે ઐતિહાસિક પરિસ્થિતિઓ અને પ્રાકૃતિક વિપદાઓ વિરુદ્ધ લડી શકે.**

**- ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949

# ધર્મમાં પ્રવેશ મનુષ્યની પહોંચમાં છે, જ્યારે અધ્યાત્મના વ્યક્તિમાં પ્રવેશ માટે ઈશ્વરની કૃપા જરૂરી છે

**(ગતાંકથી ચાલુ)**

થોડા સમય પહેલાં સુપ્રસિધ્ધ લેખક યુવલ નોહ હરારીના પ્રચલિત પુસ્તક "21 Lessons for the 21st Century" વિશે વાંચેલુ. આ એવા લેખક છે જેના ચાહકોમાં બિલ ગેટ્સ અને બિલ ક્લિન્ટન જેવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે. એમના પુસ્તકનો પ્રથમ રીવ્યુ બિલ ગેટ્સ દ્વારા લખાય છે. એવા આ સન્માનનીય લેખકે આ પુસ્તકમાં કહ્યું છે કે આવનાર ૨૧ મી સદી અધ્યાત્મની સદી હશે. માણસને અધ્યાત્મનો સહારો જ ઊગારી શકશે.

**ગમતાં ક્ષેત્રમાં વિકાસની સાથે જો અધ્યાત્મ ભળે તો એ ક્ષેત્રમાં વિકાસનું નવું પરિમાણ ઉમેરાય છે**

ધર્મ અને અધ્યાત્મને સમજવા જરૂરી છે. ધર્મ એ બાહ્યાચાર છે. જ્યારે અધ્યાત્મ આંતરિક વિકાસ છે. ધર્મ એ એવું તત્વ છે જેનાથી માનવ માનવત્વ પામે છે. ધર્મ, માનવ અને પશુમાં ફર્ક પાડે છે.

આહાર - નિદ્રા ભયમૈથુનં
સમાનમેતત્ પશુભિઃ નરાણમ્ ।
ધર્મો હિ તેષામધિકો વિશેષઃ
ધર્મેણ હીનાઃ પશુભિ સમાના ॥

" આહાર, નિદ્રા, ભય, મૈથુન આ બધાં તત્વો માનવ અને પશુમાં સમાન જ છે. પરંતુ માનવમાં ધર્મ એક અધિક અને વિશેષ તત્વ છે. ધર્મ વિનાના માનવો પશુ સમાન છે."

ધર્મ માત્ર વ્યક્તિને નહીં, પરંતુ સમાજને પણ ધારણ કરે છે. ધર્મ વિના સમાજનું ટકવું સંભવ નથી. ઉચ્ચ-વિશેષ જીવનની ઈચ્છાએ ધર્મનું પ્રારંભબિંદુ છે. ધર્મ, મનુષ્યના જીવનને માળખું આપે છે. ધસમસતા, આડેધડ જીવાતા જીવન પ્રવાહ પરનો બંધ એટલે ધર્મ. જે જીવનને અનેક વિનાશકારક બાબતો થી બચાવે છે. ધર્મના બંધ માંથી પસાર થઈને આગળ વહેતો જીવન પ્રવાહ સંયમિત બને છે. અને ઉપયોગી પૂરવાર થાય છે.

અધ્યાત્મ, એ જીવનને વિશેષ શ્રેણીમાં મુકનારુ તત્વ છે. આ એવી દુનિયા છે જ્યાં કોઇ નિયમો કે માળખું નથી, છતાં પણ જીવનનું ઉચ્ચતમ્ તત્વ છે. ધર્મમાં પ્રવેશ મનુષ્યની પહોંચમાં છે. જ્યારે અધ્યાત્મ ના વ્યક્તિમાં પ્રવેશ માટે ઈશ્વરની કૃપા જરૂરી છે. કોઇપણ પ્રકારની માનસિક, સામાજીક, શૈક્ષણિક, આર્થિક લાયકાતો પર અધ્યાત્મિકતા નિર્ભર નથી. અભણ અબુધ વ્યક્તિ પણ ઉચ્ચ આધ્યાત્મિકતા ધરાવનાર હોઈ શકે. એવા અનેક કિસ્સા અને ઉદાહરણો આપણી આસપાસ જોવા મળે છે. વ્યસની અને કુછંદે ચઢેલ વ્યક્તિમાં પણ આધ્યાત્મિકતાના દર્શન થાય છે. પૂર્વજન્મના કર્મો આધારિત બંધાયેલા આત્માના સંસ્કાર માણસમાં અધ્યાત્મિકતાનું સ્તર નક્કી કરે છે. બીજા અનેક માર્ગો થકી અધ્યાત્મની દુનિયામાં પ્રવેશ શક્ય છે.

પ્રથમ કર્મકાંડ - જેમાં પૂજા, મંત્ર-નામ જપ, યોગાસન, પ્રાણાયમ, સ્વાધ્યાય, વ્રત-ઉપવાસ આદિનો સમાવેશ થાય છે. કર્મકાંડમાં "To do" એટલે કે " કરવું " મુખ્ય છે. એટલે કે ક્રિયા મુખ્ય છે.

બીજું ઉપાસના – ઉપાસના કાંડ ભાવ પ્રધાન છે. ચિંતન, ધ્યાન, માનસ પૂજા આદિનો એમાં સમાવેશ થાય છે. અહીં "To feel" એટલે કે અનુભવવું મુખ્ય છે.

ત્રીજું જ્ઞાનકાંડ – જેમાં To Do અને To Feel ના ક્ષેત્રથી આગળ To Know અને To Be ના ક્ષેત્રમાં પ્રવેશ થાય છે. જેમાં ધ્યાન - સમાધિ જેવા સાધનો માધ્યમ બને છે. ગીતા-ઉપનિષદ-બ્રહ્મસૂત્ર જેવા ભાષ્યોનું શ્રવણ, ચિંતત-મનન મુખ્ય છે.

આ ઉપરાંત હઠયોગ, રાજયોગ, કર્મયોગ, મંત્રયોગ વગેરે અનેક અધ્યાત્મ પથના સ્વરૂપો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કર્મયોગ, રાજયોગ, ભક્તિયોગ, અને જ્ઞાનયોગને ચઢતી શ્રેણીની સાધના પધ્ધતિ તરીકે દર્શાવેલ છે. શ્રી રમણ મહર્ષિ, સ્વામી રામતીર્થ જ્ઞાન યોગના યાત્રીઓ હતા. મીરાં, નરસિંહ ભક્તિ માર્ગના પથિકો બની રહ્યા. જેમાં બુધ્ધી નહીં, હદય સાધન છે. સ્વામી શિવાનંદ, પતંજલિ રાજયોગના સાધકો છે.




કોઈ પણ સાધના દ્વારા અધ્યાત્મ તત્વને પામવું અધ્યાત્મ યોગમાં પ્રવેશવું એ મુખ્ય વાત છે. અધ્યાત્મ સંપ્રદાય મુકત છે, અધ્યાત્મ વિનાનું જીવન સત્વહીન છે. એટલે જ બાળ કેળવણીકાર ગીજુભાઈ બધેકા એ જીવનના અંતે કહ્યું હતું...

" હું બંને બાજુથી સળગી રહ્યો છું, કારણ કે આત્મપ્રાપ્તિ તો રહી ગઈ."

જીવનના બધાં પાસાંઓનો વિકાસ જરૂરી છે. પરંતુ કોઈ પણ જાગૃત વ્યક્તિ જો પોતાના જીવનનો યથાર્થ વિકાસ ઈચ્છતો હોય તો અધ્યાત્મની અવગણના ન કરી શકે. એમાં જીવનની પરિપૂર્ણતા સમાયેલી છે.

**પોતાના ગમતાં ક્ષેત્રમાં વિકાસની સાથે જો અધ્યાત્મ ભળે તો એ ક્ષેત્રમાં વિકાસનું નવું પરિમાણ ઉમેરાય છે. તાનસેનના સંગીત કરતાં હરીદાસનું સંગીત ઉચ્ચતર છે કારણ કે હરિદાસના સંગીતને અધ્યાત્મનો આધાર છે. શ્રી અરવિંદ કવિ હતા પછી યોગી બન્યા. પરંતુ યોગી બનવાથી એ કવિ ન મટ્યા પરંતુ મહાકવિ બન્યા અને મહાકાવ્ય "સાવિત્રી" નો જન્મ થયો. કોઈ સમાજસેવક અધ્યાત્મ સાધક બને તો તેમની સમાજસેવા વધુ ઉજ્જવળ બને. ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ એના ઉત્તમ ઉદાહરણો છે.**

પોતાના ગમતાં ક્ષેત્રમાં વિકાસની સાથે જો અધ્યાત્મ ભળે તો એ ક્ષેત્રમાં વિકાસનું નવું પરિમાણ ઉમેરાય છે. તાનસેનના સંગીત કરતાં હરીદાસનું સંગીત ઉચ્ચતર છે કારણ કે હરિદાસના સંગીતને અધ્યાત્મનો આધાર છે. શ્રી અરવિંદ કવિ હતા પછી યોગી બન્યા. પરંતુ યોગી બનવાથી એ કવિ ન મટ્યા પરંતુ મહાકવિ બન્યા અને મહાકાવ્ય " સાવિત્રી " નો જન્મ થયો. કોઈ સમાજસેવક અધ્યાત્મ સાધક બને તો તેમની સમાજસેવા વધુ ઉજ્જવળ બને. ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ એના ઉત્તમ ઉદાહરણો છે.

જીવન વિકાસની પ્રક્રિયામાં જ્યારે અધ્યાત્મરૂપી અમૃતનું મેળવણ ઉમેરાય છે ત્યારે જીવન પ્રકાશમય થઈ ઝળહળી ઉઠે છે. જીવનવિકાસના મંદિર પર સુવર્ણકળશ ચડાવી દે છે. મંદિર જો આરસનું હોય તો સુવર્ણકળશ અને જો સોનાનું હોય તો પારસમણિનો કળશ !.

# મનુભાઈ ત્રિવેદીનું એક અનોખુ બાળ કાવ્ય

**(ભાગ-૨)**

ગયા અંકમાં આપણે શ્રી મનુભાઈ ત્રિવેદીના એક અનોખા બાળકાવ્યની વાત શરૂ કરી હતી. તેમાં તેમ ઊંટ, બળદ, વાનરભાઈ,ઘોડો, ગધ્ધો, બિલ્લીબાઈ,કૂતો, પોપટ, ઉંદર, કાગ, બધા ભગવાન આગળ ફરિયાદ કરવા આવ્યા છે.તે પૈકી ગધેડા,,બળદ, ઊંટ અને ઘોડાની ફરિયાદની વાત કરી હતી. એમની વાત ભગવાન સાંભળે છે ત્યાં ક્યાંકથી એક કૂતરો દોડતો આવે છે. ભગવાનને જોઈને તે ઊભો રહે છે.

કોઈ બફાટ કરે છે મૂરખ, કહે 'ભસે છે' એનું દઃખ.

કૂતરો કહે છે હે પરભુ. આ ઘોડાની જેમ મારો પણ એક જમાનો હતો. અમે કૂતરાઓ પહેલેથી જ વફાદાર પ્રાણી કહેવાઈએ છીએ. અમે રાજાઓ અને નવાબોના સમયમાં જંગલમાં ભારે ધામધૂમ સાથે શિકાર કરવા જતા હતા. શિકારની મોજ માણતા હતા. મેવા મીઠાઈ ખાતા હતા. પણ હવે લોકોના એઠાજૂઠા રોટલાના ટૂકડા ખાવા પડે છે. જો કે એનુંય અમને લગારે દુખ નથી. પણ સામસામા માણસો લડતા હોય અને એક જણ ગમે તેમ બોલતો હોય તો બીજો કહે છે "શું કૂતરાને જેમ ભસે છે ? આ બરાબર નથી. લડો તમે અને વગોવાઈએ અમે , એ કેવું ?

એટલામાં એક બિલાડી ધીમી ચાલે આવે છે. કૂતરાને જોઈ ગભરાય છે પણ ભગવાનને જોઈ બીક ઓછી થતાં તે પણ ભગવાનને ફરિયાદ કરે છે.

ખીજ મને પણ જાતી ચડી, મીંઢાને એ કહે મીંદડી.

બિલાડી કહે છે, "હું કાંઈ આ કૂતરાઓ જેવા હલકા કુળની નથી, હું તો વાઘ જેવા વાઘની માસી છું. આ માણસની તો મારી પાસે ધૂળ જેટલીય કિંમત નથી. હુ નાની બેબીની બહેનપણી છું. એ મને મીની કહીને બોલાવે છે. પણ જ્યારે કોઈ મીંઢી બાઈને મીંદડી જેવી કહે છે એ મને જરાય ગમતું નથી. ભગવાન તમે આનો કંઈક ન્યાય કરો. "

એક ઉંદર ચૂં ચૂં કરતો અવે છે. આમતેમ જુવે છે. બિલાડીને, કૂતરાને અને ભગવાનને જુવે છે.એ પણ પોતાની ફરિયાદ રજૂ કરે છે.

● કાતરનારા જગ નિર્ભીક, કેમ ભલા ઉંદર કહેવાય ?

"હે ભગવાન, ઘરના ઉંદર ફોલી ખાય એવાં જ્યારે કોઈને મહેણાં મારવામાં આવે ત્યારે અમને બહુ ખોટું લાગે છે. અમે તો કદી દરની બહાર નીકળતા જ નથી. ભૂખ લાગી હોય અને કશોક ખોરાક શોધવા બીતાં બીતાં બહાર નીકળીએ ત્યારેય અમને સાપદાદાની તગતગતા ડોળાની બહુ બીક લાગે છે. જ્યારે આખો દિવસ ઘરની બહાર છાતી કાઢીને ફરનારા સાપ જેવા માણસોને ઉંદર સાથે સરખાવવામાં આવે છે તે અમારાથી કઈ રીતે સહેવાય ? ."

● અમે સહી પીંજરની કારા બોલી બોલ મજા દેનારા; છતાં માનવી ગોખણિયાને પોપટિયા કહી ભાડે શાને ?




ત્યાં તો એક પોપટ ઉડતો ઉડતો આવ્યો,"પ્રભુ મારી પણ ફરિયાદ સાંભળો. અમે તો પિંજરમાં રહેનારા, ઘડીક નાચ કરી નાના બાળકોને હરખાવીએ, મીઠી મીઠી વાતો કરી એની દોસ્તી કરીએ, મરચુ ખાઈને મોજ કરીએ, બાકીના સમયમાં પિંજરાના સળિયા પકડીને ગોળ ગોળ ફરીએ. અમને આમ કંઈ રોષ નથી. પણ, લોકો ગોખણિયા છોકરાઓને પોપટ કહીને બોલાવે છે તે બિલકુલ ગેરવાજબી છે. આવી વાતો ભગવાન બંધ કરાવો. "

● અવાજમાં કડવાસ પ્રમાણે; હૈયું એનું દુઃખ ન આણે. પણ લુચ્ચાને કહે કાગડો, એનો છે અફસોસ આવડો.

એટલામાં કા, કા, કરતો કાગડો આવ્યો."હે દયાવાન , મારે પણ આ માણસો સામે ફરિયાદ છે. માણસો અમને શ્રાધ્ધના દિવસો સિવાય કદી બોલાવતા નથી, કાયમ કનડ્યા કરે છે, એ તો ઠીક છે ,પણ જ્યારે કોઈ લુચ્ચા આદમીને કાગડા જેવો કહે છે ત્યારે અમને ભારે માઠું લાગે છે. હે ભગવાન ! શું અમે આ માણસો કરતા વધારે લુચ્ચા છીએ ?"

● કોઈ કરે છે જ્યારે ચેડા કહે માનવી , વાનર વેડા.

એટલામાં હૂપ હૂપ કરતો અને ઠેકડા મારતો વાંદરો આવ્યો. એ તો બધા સામે જુવે અને હૂપ હૂપ કરે. છેલ્લે ભગવાન સામે જોઈ એની ફરીયાદ મૂકે છે. " હે ભગવાન, આમ અમે આ માણસોના પૂર્વજ કહેવાઈએ છીએ, પણ એમની હિમ્મત તો જુવો ! એ અમને કેડે દોરડું બાંધી નાચ નચાવે છે. એ તો અમે એમને બાળક સમજી પિતા તરીકે માફ કરીએ છીએ, પણ કોઈ અટકચાળા માણસને તે વાનરવેડા કરે છે તેમ કહે છે તે બિલકુલ બરાબર નથી.આનો ન્યાય કરો."

બધા પશુ પંખી એકસાથે બોલી ઉઠયા ," હે ભગવાન અમારો ન્યાય કરો, અમારો ન્યાય કરો." આ સાંભળી ભગવાન હસી પડ્યા, " તમારા બધાની વાત બરાબર છે. તમને આપણા રાજ્યમાં ફરિયાદ કરવાનો પૂરેપૂરો હક્ક છે. પણ તમે મને એટલું કહો કે કોઈ તમને માણસ જેવા કહે છે ? આવું જ્યારે થાય ત્યારે બધા ફરીથી આવજો આપણે તમારી ફરિયાદનો નિકાલ લાવશું. "

● ઉપસંહાર હરિવર કહે હસીને ભાઈ, જાણું માનવની અવળાઈ. એ છે અવગુણનો આગાર, માને નિજને ગુણ ભંડાર, નથી માનવી બુધ્ધિમાન, એને ક્યાં છે એવું ય ભાન, તમ ઉપમા આપે છે જેને એ પણ આખર માણસ છે ને ? એના બોલ્યા સામું ન જોશો; અમથા અમથા ભાઈ ન રોશો. કોઈ કહે જો તમને માણસ કરીશ ફેંસલો હું ત્યારે બસ.

અત્યારે લોકો પાળેલા પશુ પંખીના નામો માણસો જેવા રાખે છે. કૂતરાને ટોમી કહે છે, બિલાડીને મીની કહે છે, ઘોડાના તો કેવા સરસ નામ પાડે છે.કુંભાર એના ગધેડાનું નામ જરૂર પાડતો હશે. રણપ્રદેશમાં લોકો પોતાના ઊંટના નામ જરૂર પાડતા હશે. પહેલાં બળદને બધા રાખતા હતા ખરા પણ એનું કોઈ નામ પાડતા ન હતા. અને કાગડા તથા ઉંદરને તો કોઈ પાળતું ય નથી અને એનું નામ પાડતું ય નથી. જો કે હજુ એની કોઈ ફરિયાદ એમની તરફથી આવી નથી.

આ લેખ તમારા બાળકને સંભળાવશો ?